# परसाई के निबंधों में सामाजिक एवं सांस्कृतिक सरोकार

6

डॉ.एन.टी.गामीत
एसोसिएट प्रोफेसर
हिन्दी भवन
सौराष्ट्र विश्वविद्यालय
राजकोट

हिन्दी गद्य–साहित्य के क्षेत्र में हरिशंकर परसाई का नाम विशेष रूप से प्रस्थापित है ।और उसमें भी निबंध की समृद्ध परंपरा स्वतंत्रता के बाद परसाई उत्तराधिकार के रूप में ग्रहण करते हैं । उन्होंने परंपरागत निबंध के ढाँचे को तोडा भी है । उनके निबंधों में कहीं कहानी का आभास है तो कहीं रेखाचित्र ही निबंध का रूप ले लेता है । उनका साहित्य परस्पर संबद्ध होकर घुल–मिलकर प्रकट होता है ।परसाई लोकजीवन के संस्कार व स्वभाव अच्छे ढंग से पहचानते भी है तथा अपने साहित्य सृजन के संस्कार में शामिल भी करते हैं । इसलिए उनकी विधाओं का अलगाव तथा वर्गीकरण कहीं–कहीं टूटता नज़र आता अै किन्तु यह उनके साहित्य की कमजोरी कतई नहीं लगती, बल्कि लोक–संपृक्ति का परिचायक बनता है ।

परसाई ने करीब ३०० निबंध लिखे हैं । इनमें कुछ विचारात्मक कुछ ललित निबंध हैं । विषय के दृष्टिकोण से उन्होंने समकालीन जीवन के हर क्षेत्र राजनीतिक, सामाजिक, धार्मिक एवं सांस्कृतिक को अपने सृजन की परिसीमा में सम्मिलित किया है । विषय की व्याप्ति के दृष्टि से परसाई का निबंध–साहित्य बेजोड़ है । समकालीन समाज के यथार्थ को गंभीर दृष्टि से हर अंतर्विरोधी की पड़ताल की है ।उनके निबंधों में विवरण नहीं विश्लेषण भी है चेतना को चेतनशील बनाने का उपक्रम भी हैं ।

परसाई का निबंध साहित्य समकालीन यथार्थ के साथ सरोकर रखनेवाला है । जहाँ दुनिया का हर रंग है, हर चित्र है पर दुनिया रंगीन नहीं है और न हर चित्र मन को लुभावनेवाला है किन्तु यह दुनिया स्याह की तूली से रंगी हुई है तथा जो चित्र हैं, वह हमारे विकलांग समय व समाज के साथ सरोकर रखनेवाला है ।

परसाई के वैचारिक निबंधों का सामाजिक व सांस्कृतिक सरोकारों से जुड़ा यथार्थ बारीकी से उजागर हुआ है । हिन्दी साहित्य जगत को एक ऐसा रचनात्मक सृजनकार मिला जिसे भारतीय जीवन यथार्थ की गहरी पैठ थी । स्वातंत्र्योत्तर भारत के ऐसे स्याह चेहरे की पहचान कराते हैं जो मोह–भंग से गुजरते हुए अंतर्द्वन्द्व से ग्रस्त है । एक और पढा– लिखा, अवसरवादी, सुविधाभोगी, संघर्ष से कतरानेवाला, सामाजिक मर्यादाओं की झुठी चिंता से ग्रस्त मध्यवर्ग तथा आम आदमी भी है, कहीं जिंदा रहने की लडाई है तो कहीं संपन्नता बनाये रखने की लडाई है । परसाई ने भारत की यथार्थ छबी खिंची है जिनमें–"एक कसमसाता छटपटाता हुआ भारत है जिसे एक और छद्म भारत ने दबोच रखा है । दबोचने वाला और दमित दोनों भारत सक्रिय है । दोनों के बीच निरंतर दाँवपेंच चल रहे हैं ।"[१] परसाई शाश्वत साहित्य के बजाय वर्तमानता को अपने लेखन का मूल्य बनाते हैं ।

परसाई के साहित्य में राजमर्रा उस आम आदमी के जिदंगी से जुडी समस्याओं को बार–बार उठाकर आम आदमी के संघर्ष को महत्त्व दिलाना उनका मकसद है । 'गेहूँ का सुख' निबंध में असुविधाओं ग्रस्त परिवार के लिए तीन बोरे गेहूँ कितनी सुरक्षा देते है । आज के भारत का सच्चा चित्र खिंचा है आम आदमी का–"गेहूँ ,

चावल, चीनी, मिट्टी का तेल आदि ××× दुकानों की लंबी कतारे देखिए ।....कतारे कडी धूप में खडी होती हैं । आगे–पीछे होने के लिए झगडा, झंझट, गाली–गलौच, चालाकी, बेईमानी होती है । इस अनुभव में पसीना बहता है, धूप लगती है, बूढ्ढे–बुढ़ियों के पैर थरथराते हैं । ××× यह आँखों देखा हाल ही नहीं है, वह कतार में खड़े आदमी की अनुभव कथा भी है ।"[२] ये कतारों का सिलसिला अभी बरकरार है । आम आदमी के लिए गेहूँ के तीन बोरे कितने मायने रखते है उसका विशिष्ट चित्र खिंचा हैं । आम आदमी अभावों में जीते–जीते इतना अभ्यसत हो चुका है कि अभाव की पूर्ति हो जाने पर भी उसे विश्वास नहीं होता कि कुछ समय के लिए अभाव मिट गया है ।

परसाई भूख, पीड़ा, रोज जिंदा रहने की कशमकश के अनुभव से गुजरे है । इसलिए वे आम–आदमी के जरूरी सरोकारों में शामिल है । 'अन्न की मौत' नामक निबंध में अन्न का संकट कैसे महँगाई रूपी राक्षस को जगाता है तथा आम जनता महँगाई से कैसे पिसती है आज यह बात इतनी ही प्रासंगिक है । आज भी यही स्थिति है आम आदमी अन्न के लिए तड़प रहा हैं दूसरी और मुनाफाखोरी और कालाबाजारी के कारण अन्न गोदामों में सड रहा है । इस परसाई पर लिखते है–"हे भारत भाग्यविधाता, पंजाब, सिंध, गुजरात, मराठा, द्राविड, उत्कल, बंग–सब जगह अन्न को मारकर दफना दिया गया । कोटि–कोटि नर–नारी अन्न संकट के सूत्र में बंधकर एक हो गये है । भूखमरी और भ्रष्टाचारी हमारी राष्ट्रीय एकता सबसे ताकतवर तत्व बन गए हैं ।...कैसी अद्‌भूत एकता है । पंजाब का गेहूँ गुजरात के कालाबाजार में, मध्यप्रदेश का चावल कलकता के मुनाफाखोर के गोदाम में भरा है । ...मुनाफाखोरी, कालाबाजारियों, भ्रष्टाचारियों ने मिलकर राष्ट्र को एक कर दिया ।"[३] ये है आज के भारत की एकता जहाँ आम–आदमी हररोज कुआँ खोदकर पानी पीता है ।

परसाई ने हमारे भारतीय समाज के वर्ग वैषम्य को भी देखा है । मध्यम वर्ग महँगाई को रोता है फिर समझौता कर लेता है । एक चित्र खिंचा है–"महँगाई को रोयेंगे, लेकिन दीवाली ठाट से ही मनाएँगे । जैसे–जैसे महँगाई बढती है, वैसे–वैसे उत्सव बढ़ते हैं । ××× पिछले साल भी दीवाली पर रोशनी और धूमधडाका था, महँगाई बढी तो डयोढा हो गया । ...महँगाई का रोना रोते है उधर देखों–कीमती साडियों की दुकानों पर, आभूषणों की दुकानों पर, महँगे कपडों की दुकानों पर कोस्मेटिक की दुकानों पर भीड लगी है । कहाँ बढी है गरीबी ? किनके लिए बढी है ? वे कौन है जिनके लिए महँगाई उनकी समृद्धि का कारण है ।"[४]

वर्तमान में यह स्थिति बिल्कुल प्रासंगिक है । भारत का एक ऐसा चेहरा है जो सजा–संवरा हैं । वहाँ न भूखे है न चिंता, महँगाई का राक्षस भी इनका कुछ नहीं बिगाड़ सकता । यह वर्ग वैष्मय की छबी भयावह हैं ।कहीं महँगाई से लोग फाके में जीते है तो कहीं सम्पन्नता का नंगा नाँच है । कहीं गुड की चाय पीनेवाले है महीं जनता का खून चूसा जा रहा है । इस खाई को मिटाना मुशिकल लगता है । जिसके लिए गाँधीजी का विकेन्द्रिकरण का रास्ता अपनाना होगा ।वर्ग–वैष्मय पर सही लिखा है–"एक जीवित रहने का संघर्ष है और एक सम्पन्नता का संघर्ष है ।"[५] यह संघर्ष भारतीय समाज का यथार्थ सरोकार था, और रहेगा ।

परसाई अपने निबंधों में पौराणिक मिथकों का ऐसा उपयोग करते हैं कि उनका अर्थ उलट जाता है, और आम आदमी के सुख–दु:ख से भी जोड़ देते हैं । 'राम का दु:ख और मेरा' शीर्षक निबंध में ऐसा ही प्रयोग किया है । यहाँ राम के दु:ख से किरायेदार का दु:ख बडा है हम जानते है कि हिन्दुस्तान की बडी आबादी फूटपाथों पर, रेल्वे स्टेशनों, बस अड्‌डों, ओवरब्रिजों, फूटपाथों या किराये का मकान में दम तोड देती हैं । आज कल मकान भी दो तरह के रहते हैं रहने के और किराये पर देने के । किराये के मकान वैसे ही होते है–परसाई ने लिखा हैं–"घर

में इतना पानी भर जाता है कि कभी सोचता हूँ कि अगर फर्श पत्थर का न होता तो, तो इन कमरों में धान बो देता ।"[६] यहाँ किरायेदार की मजबूरी व लाचारी राम के दु:ख से बडा है, मिथकीय चरित्र वर्तमानता से जुड़कर नया अर्थ धारण कर लेता है । राम के माध्यम से किरायेदार का दु:ख व्यंजित होता है इस संदर्भ में डॉ. वीरभारत तलवार ने उपयुक्त ही लिखा है–" राम का दु:ख और मेरा में खुद किराएदार बनकर परसाई किराएदार के दु:ख को मनोरंजक बनाकर पेश करते हैं । लेखक सोचता हैकि अगर तुलसी के राम किरायेदार होते तो वर्षा ऋतु में सीता को याद बरने के बजाय लक्ष्मण को टपकती हुई छत की मरम्मत का कुछ इंतजाम करने के लिए भेजते । लक्ष्मण बाण मारकर बादलों को छितरा देता य मकान मालिक का सिर काट लेता ।××× इस प्रवृति के कारण जिन स्थितियों में क्रोध आना चाहिए, वहाँ क्रोभ भी नहीं आता ।"[७] परसाई राम के मिथकीय चरित्र को यथार्थ दुनिया से जोडते है, तथा मिथक का जन भी करते हैं । उनका क्रोध पैदा करना नहीं किरायेदार की मज़बूरी दिखाना है ।

स्वातंत्र्योत्तर भारतीय समाज के सरोकारों को मिथकों के माध्यम से उजागर किया है ।आज पूराने आदर्श विकृत होकर षडयंत्रों, रूढियों से ग्रस्त हो गये है । उसका चित्रण अपने निबंधों में किया है । 'कंधे श्रवणकुमार के' निबंध में श्रवणकुमार मातृ–पितृ भक्त, आदर्श पुत्र, सेवा त्याग आदि पौराणिक मूल्यों के प्रतिमान है । आज यह प्रतिमान समाज के सरोकारों से विलग हो चुके है । आज शोषक परजीवी शक्तियाँ समाज में प्रवेश कर चुके है । श्रवणकुमार के मिथक का दुरूपयोग कर रही है, परसाई उसके खिलाफ हैं । श्रद्धा, सम्मान, पूजा–भावना स्वार्थ साधने के साध्य है आज। श्रवणकुमार कोई बनना नहीं चाहता पर व्यवस्था चाहती है श्रवणकुमार पैदा किए जाए–"कितनी काँवडे है, राजनीति में साहित्य में, कला में, धर्म में, शिक्षा में । अंधे बैठे है और आँखवाले उन्हें ढो रहे हैं ।"[८] इन काँवडों को अनेकों श्रवणकुमार ढो रहे हैं । कहीं मजबूरी में या कुछ फायदे की अपेक्षा से बिना कोई सवाल उठाये थोथे आदर्शो को ही सच्चे जीवन–मूल्य मान लिया है । श्रद्धा, सम्मान का आज गलत फायदा उठाया जा रहा है । परसाई मिथकीय चरित्रों के द्वारा लायी विकृत आदर्शीकरण के प्रति सवाल उठाते हैं ।

भीष्म जैसे तेजस्वी, आदरणीय, ज्ञानी, शक्तिशाली होते हुए भी दयनीय है । परसाई अंधी स्वीकृति, भक्ति को अस्वीकार करने का स्वर देते है । समझदारी पर जमी हुई रूढिवादिता की शिला को तोड़ने की समझ लोगों में पैदा करने की अनिवार्यता है । जो–" ऐसी गुरूभक्ति को अस्वीकार करता है जिससे द्रोणाचार्य एकलव्य का अँगूठा कटवा ले, ऐसी पितृभक्ति को अस्वीकार करता है जिससे मोरध्वज खुद स्वर्ग भोगने के लिए पुत्र को आरे से चिरवा दे, ऐसी पतिभक्ति को अस्वीकार करता है । जिसमें मृत पति के शव के साथ युवा पत्नी को जिंदा जल जाना पड़े ।[९] यह अस्वीकार न तो अशिष्ट होगा, अधर्मी होगा या अवज्ञापरक बल्कि विकृति को काटने वाली सच्ची दिशा होगी ।

परसाई मिथकीय चरित्रों के माध्यम से मानवीय स्वभावों का स्वार्थीपन, पाखंडपन, छद्‌मवेशी , दिखावा और बाह्यप्रदर्शनकारी समाज के यथार्थ जगत को उजागर करते हैं । और मिथकों के माध्यम से सवाल उपस्थित करते हैं । 'नीलकण्ठ' शीर्षक निबंध में 'शंकर' के मिथकीय चरित्र से नीलकण्ठी स्वभाववाले लोगों की प्रकृति उजागर करते हैं । हम जानते है समुद्रमंथन की घटना से हलाहल विष सृष्टि को बचाने हेतु पी गये । किन्तु कण्ठ नीला क्यों होने दिया क्योंकि नील्कण्ठ दिखाने का लोभ शंकर नहीं पचा पाए । शंकर के मिथकीय चरित्र से परसाई ने वर्तमान समाज में दिखावे और बाह्यप्रदर्शन पर मरनेवाले नीलकंठियों पर व्यग्यात्मक अभिव्यक्ति दी है । "नील कण्ठता एक बडा आकर्षण है अपनी कोशिश यह होती है कि जहर तो कम से कम पिये पर कण्ठ अधिक से अधिक नीला हो । और कोई तो गले पर नीली स्याही पोतकर 'नीलकंठ' बने फिरते है ।"[१०] यह है

आज के समाज का यथार्थ चित्र, चाहे नेता, मंत्री, अधिकारी या सामान्य व्यक्ति क्यों न हो हर किसी को थोडा बहुत कार्य करके अधिक नाम कमाना है । बाहर से सब हरे दिखाई देते हैं भीतर से कालापन धारण किये रहते है ।वस्तुत: देखा जाता है कि व्यक्ति अपने दु:ख और संघर्ष के लिए सहानुभूति और स्वीकृति चाहता है । किन्तु आज समाज इतनी हद तक गिरा है कि दु:ख और संघर्ष का भी ढोंग किया जाता है ।

वर्तमान समय में अपने कोई स्वजन की मृत्य जैसे प्रसंगों में भी दिखावा और पाखण्ड के हिस्से बनते जा रहे है । ये नकली दु:ख का व्यापार, कारोबार चलानेवाले ढोंगी समाज के विश्वास की नीवों को निरंतर कमजोर कर रहें है । और असली हकदार हाशिए पर धकेल दिये जाते हैं । दु:ख के आवरण ओढे करूणा और सहानुभूति की चोरी करनेवाले स्वार्थियों को फटकारते हुए, इस प्रवृति पर समाज के लिए चिंता भी जताते है । परसाई लिखते है–"दु:ख का ऐसा गर्व मुझे बहुत गलत लगता है । या तो जहर पियो मत, यदि पीना पडे तो दूसरों के मंगल के लिए स्वेच्छा से पी लो, तो कण्ठ नीला किए मत घूमों । पर यहाँ तो मैं दु:ख का व्यापार फैला देखता हूँ ।...××× समर्थ होकर भी करूणा जैसी मूल्यवान, लोक मंगलकारी भावना को खींचना सरासर चोरी है, धोखा है । ××× जमाने में दुहरा शोषण चल रहा है– आदमी की रोटी तो छीनी जाती है, उसके हिस्से की करूणा भी छीन ली जाती है । शंकर के नाम पर एक पक्षी ही 'नीलकण्ठ' बना फिरता है और श्रद्धालुओं की श्रद्धा–भक्ति पा लेता है । आसपास नीले कण्ठ के परिन्दे उडते देखता हूँ और इनकी भीड में वास्तव में विषपान करनेवाला बेचारा बिसी कोने में दुबका खडा रहता है ।"[११]

परसाई हमेशा आम–आदमी के दु:ख, शोषण को देख चिंतित दिखाई पड़ते है । आम–आदमी लगातर पिसते हुए भी अपने दु:ख का कभी महिमामंडन किया न तो वह छल–छद्म का संघर्ष करता है । परसाई अपने निबंधों में इसी छल छद्मविहिन आम आदमी के साथ सरोकार रखते है । परसाई के रूप में हिन्दी साहित्य को ऐसा रचनात्मक मानस मिला, जिन्होंने धरातलीय हिन्दुस्तानी स्वातंत्र्योत्तर मोहभंगी द्वन्द्वग्रस्त ऐसे चेहरों से पाठकों को पहचान कराते हैं । वर्तमानता की सही पहचान, सटीक समझ व संवेदना परसाई के पास है जो अन्य समकालीन रचनाकारों के पास नहीं दिखाई देती ।परसाई रोजमर्रे से संघर्षशील आम–आदमी के मामूलीपन को वे अपने साहित्य में प्रतिष्ठित करते हैं । यह रोजमर्रा आम जनता की कोई बहुत बड़ी धार्मिक वर्ग की तरह उच्च आकांक्षा नहीं होती बल्कि सिर्फ जीवित और बचे रहने की लडाई से वह जूझता रहताा है । वे आम आदमी से जुडे मुद्दों को उठाते है और उनके संघर्षपूर्ण जीवन की भयावह तस्वीरें उनके यहाँ मिलती हैं । परसाई के निबंधों में ही नहीं उनके समग्र साहित्य में सामाजिक व सांस्कृतिक सरोकारों से जुडा समकालीन यथार्थ बडी बारीकी और व्यंग्यात्मक अभिव्यक्ति के साथ उजागर हुआ है ।

**संदर्भ संकेत**


१.परसाई हरिशंकर, 'कहाँ है भारत भाग्यविधाता ?', परसाई रचनावली–४, पृ–२४०

२. त्रिपाठी विश्वनाथ, 'देश के इस दौर में', पृष्ठ–२१

३. परसाई हरिशंकर, 'अन्न की मौत ', परसाई रचनावली–३, पृ–९२

४. परसाई हरिशंकर, 'हस्ती मिटती नहीं हमारी', परसाई रचनावली–४, पृ–१४८,१४९

५. परसाई हरिशंकर, 'अपनी–अपनी बिमारी', परसाई रचनावली–३, पृ–१४६

६. परसाई हरिशंकर, 'राम का दु:ख और मेरा ', परसाई रचनावली–३,पृ–१६

७. तलवार,वीरभारत, सामना,पृष्ठ–१९६

८.परसाई हरिशंकर, 'कंधे श्रवणकुमार के', परसाई रचनावली–३, पृ–२०

९.त्रिपाठी विश्वनाथ, 'देश के इस दौर में' पृ–२८

१०. परसाई हरिशंकर, 'नीलकण्ठ', परसाई रचनावली–३, पृ–१६६

११. वही, पृष्ठ–१६३,१६४

# મહિલા સશકિતકરણના સંદર્ભમાં શિક્ષિત તથા અશિક્ષિત મહિલાઓનો મુલ્યાંકનાત્મક અભ્યાસ

7

ડો. જીજ્ઞેષ બી. તાળા,
એમ.એસ.ડબલ્યુ, પીએચ.ડી
આસી. પ્રોફેસર
સમાજકાર્ય વિભાગ, કચ્છ યુનિ.ભુજ

સમાજમાં વસનાર લોકોના પારસ્પરિક સંબંધ દ્વારા સમાજનું નિર્માણ થાય છે. જેમાં સમાનતા અને ભિન્નતા બંને હોવું આવશ્યક છે. જોકે તાર્કિક દષ્ટિથી સમાનતા અને ભિન્નતા બન્ને એક બિજાથી સંબંધીત છે. વાસ્તવમાં સમાનતા અને ભિન્નતાને સમજવા એક–બિજાના સબંધો એ મહત્વનો આધાર છે. આ બન્નેના સબંધને પરીવારના ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરી શકાય છે. મનુષ્યના સામાજિક જીવનની શરૂઆત પરીવાર દ્વારા જ થઈ છે. સ્ત્રી પુરૂષ જે સમાજનું નિર્માણ કરે છે, તે એક બિજાથી સમાન પણ હોય છે અને સાથે સાથે ભિન્ન પણ હોય છે. પુરૂષ અન્ય પુરૂષ સાથે મળીને પરીવાર નથી બનાવી શકતો અને ન તો સ્ત્રી બીજી સ્ત્રી સાથે મળીને પારીવાર નિર્માણ કરી શકતી. એટલે કે કુટંબ રૂપી સમાજની રચના માટે એ જરૂરી  છે કે તેની રચના કરવાવાળા પુરૂષ અને સ્ત્રી બંને હોય, સ્પષ્ટ છે કે સમાનતા અને ભિન્નતા બંને જ સમાજ માટે આવશ્યક તત્વ છે.

પરીવારમાં સ્ત્રી પુરૂષ બંને મળે છે તેમની વિષમતા જૈવકીય છે. એક પત્નિ છે બિજો પતિ છે, વ્યાપારમાં એક ધનવાન પરંતુ ક્રિયાહિન અને બીજો નિર્ધન પરંતુ ક્રિયાશીલ વ્યકિત મળે છે. તેમની વિષમતા આર્થિક અને સામર્થયના સંબંધમાં છે. આજ રીતે શકિત અને સામર્થ્ય બંને એક બીજા સાથે સંબંધ ધરાવે છે અને તેથી જ શકિત, સામર્થ્ય, રૂચી વગેરે વિષમતાઓને કારણે મનુષ્યોનો મેળ થાય છે. આદાન–પ્રદાન થાય છે અને સમાજ આગળ–આગળ વધતો જાય છે. આ સમાનતા અને ભિન્નતાને કારણે શ્રમ વિભાજનનો ઉદય થાય છે.

શ્રમ વિભાજન અંતર્ગત પ્રત્યેક વ્યકિત પોતાની યોગ્યતા, આવડત અને ઈચ્છા અનુસાર કોઈ કાર્ય કરે છે. આ શ્રમ વિભાજન થી સમાજ ઉન્નતિના પથ પર અગ્રેસર થાય છે. માટે જ સમાજની આધારભૂત વિશેષતાઓમાં સમાનતા અને ભિન્નતા આ બન્નેનું હોવું અતિ આવશ્યક છે.

સમાજમાં સહયોગ એક મુખ્ય અને આવશ્યક તત્વ છે. સહયોગના અભાવમાં કોઈપણ સમાજના અસ્તિત્વની કલ્પના પણ નથી કરી શકાતી. પ્રારંભ કાળથી જ માનવ એકલો પોતાની જરૂરીયાતોની પૂર્તિ નથી કરી શકતો. તેથી જ કહેવાય  છે કે સહયોગ સફળતાની ચાવી છે. પરીવારમાં સ્ત્રી અને પુરૂષ એક–બિજાના સહયોગથી જીવન વ્યતીત કરે છે. પરંતુ સમાજનું વર્તમાન સમાજનું ચિત્ર કઈક અલગ છે. આજની સ્ત્રીનું કાર્યક્ષેત્ર પરિવાર સુધી સિમિત નથી, પરંતુ તેને પોતાના કાર્ય સ્થળપર અનેક સ્વરૂપમાં પોતાની જવાબદારી નિભાવવી પડે છે. આ રીતે એક જ સ્ત્રીને એક જ દિવસ માં અનેક પ્રકારની ભૂમિકા નિભાવવી પડે છે. આજકાલની કામકાજી મહિલાઓનું કાર્યક્ષેત્ર અત્યંત વિસ્તૃત થઈ ગયુ છે. એટલે સ્પષ્ટ છે કે સ્ત્રી શકિત રૂપા છે, જગત જનની છે.

સ્ત્રીના સબંધમાં એ પણ કહેવાય છે કે આ પૃથ્વીની સમાન ક્ષમા, સૂર્યની સમાન તેજ, સમુદ્રની સમાન ગંભીરતા, ચંદ્રની સમાન શીતળતા અને પર્વત સમાન ઉચ્ચતાના એક સાથે દર્શન સ્ત્રીમાં થાય છે.

શાસ્ત્રોના અભ્યાસથી જ્ઞાન મળે છે કે સ્ત્રી તરફ વૈદિક કાળથી જ પુરતી જાગૃતતા હતી અને શિક્ષીત સ્ત્રીનું સમાજમાં સન્માનજનક સ્થાન હતું. એ સમયની અનેક વિદુષી સ્ત્રીઓ પણ ઉલ્લેખનીય છે. જેમકે ગાર્ગી, મૈત્રેયી, અરુંધતી વગેરે. મધ્યકાળમાં સ્ત્રી શિક્ષા તરફથી સમાજનું ધ્યાન હટી ગયુ. મોગલોના આક્રમણ બાદ ભારતવર્ષમાં પરદા પ્રથા વધી, પરીણામ સ્વરૂપ સ્ત્રી શિક્ષણ ઓછુ થયુ. દેશી રાજાઓના અંદરો અંદરની લડાઈઓના કારણે સ્ત્રી શિક્ષણ તરફ ઉદાસીનતા વધી. ૧૯મી સદીમાં જાગૃતતાની પ્રવૃતિનો પ્રભાવ પડવાને કારણે મહીલાઓ સબંધીત પરંપરાગત વિચારધારાઓ જેમકે બાળ વિવાહ, સતિપ્રથા, પરદા પ્રથા વગેરે ધીમે–ધીમે સમાપ્ત થવા લાગી અને સ્ત્રી શિક્ષણનો પ્રચાર પ્રસાર થવા લાગ્યો. આજે તો દરેક ક્ષેત્રમાં શિક્ષિત સ્ત્રીઓની પ્રગતી વધી રહી છે. દરેક વ્યવસાય એટલે સુધીકે સેના, પોલીસ, વહીવટ, રેલ્વે, હવાઈ સેવા, વાહન સેવામાં સ્ત્રી પ્રવેશ કરી રહી છે. સાહિત્યના ક્ષેત્રમાં પણ સ્ત્રીઓની પ્રગતી નોંધનીય છે.

આજની શિક્ષિત મહીલાઓ સમર્થ છે, અને આત્મનિર્ભર પણ છે. શિક્ષિત મહીલાઓ તર્કશીલ અને સ્પષ્ટ વિચારસરણી ધરાવતી થઈ છે. તે પોતાના પતિને દરેક સ્તર પર સહયોગ આપવા માટે સક્ષમ બની છે.

શિક્ષણ સ્ત્રીની આંર્તદ્રષ્ટિને જાગૃત કરે છે, તેવી જ રીતે દૂર દ્રષ્ટિને પણ વિકસીત કરે છે. વ્યકિત ને જાગૃત અને આત્મનિર્ભર બનાવે છે. તેના રોજબરોજના કાર્યોને સુગમ અને સુવિધા પૂર્ણ બનાવે છે. તે જ શિક્ષણના અભાવમાં સ્ત્રી ને દરેક પગલે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અશિક્ષિત સ્ત્રી સામે કયારેક કયારેક મોટી વિડંબનાઓ આવી પડે છે. શિક્ષિત ઘરેલુ સ્ત્રીઓ નવરાશનો સમય ભણવા–લખવામાં વ્યતિત કરે છે. જેનાથી તેનામાં જ્ઞાન વૃધ્ધી પણ થાય છે, અને મન બદલાવ પણ થાય છે, પરંતુ અશિક્ષિત સ્ત્રીઓ માટે સમય કાઢવો એક સમસ્યા બની જાય છે. તેમને પોતાની ઝીદગી આડોશ પાડોશના ભરોસે કાઢવી પડે છે અને જયારે આર્થિક બાબતે સમસ્યા ઉભી થાય છે ત્યારે તેમને પોતાના હાથ પગ સિવાય અન્ય કોઈ સહાય દેખાતી નથી, તેમને બે ટાઈમની રોટલી માટે ઘણી મહેનતવાળુ કામ કરવું પડે છે.

સ્વતંત્રતા પ્રાપ્તી પછી સમાજમાં જે નોંધનીય પરિવર્તન થયુ છે તેમાં સ્ત્રીઓ મુકિત પણ એક છે. બદલાતી આર્થિક સ્થિતીને કારણે સ્ત્રીઓના શિક્ષણ અને નોકરીની દિશામાં પણ મહત્વપૂર્ણ પરિવર્તન થયુ છે. પરીવારની આર્થિક સ્થિતી નબળી થવા પર અથવા આત્મનિર્ભર અને સમર્થ બનવા માટે સ્ત્રીને ઘરની ચાર દિવાલમાંથી બહારની દુનિયાના કર્મક્ષેત્રમાં પદાર્પણ કરવું પડયુ છે. ગરીબ વર્ગની સ્ત્રીઓતો ઘણા સમયથી અર્થોપાર્જનમાં સંલ્ગન છે. તેમના પિતા અને પતિ તેમની દિવસ ભરની મહેનતની કમાણી દારૂ પીવામાં ખર્ચ કરી દે છે, અને જરા પણ સંકોચ નથી રાખતા.

નોકરી કે શ્રમ કરતી સ્ત્રીઓમાં શિક્ષિત અને અશિક્ષિત બંને વર્ગનો સમાવેશ થાય છે. તેમની પોતાની અનેક સમસ્યાઓ છે. ઘર અને બહારની બન્ને જવાબદારી તેમને નિભાવવી પડે છે, કામ કરતી મહીલાઓની સ્થિતિ ચકકીમાં ફસાયેલા દાણા જેવી હોય છેં પોતાનું અસ્તિત્વ તે બચાવી શકતી નથી તેને પોતાના માટે પણ સમયને શોધવો પડે છે. દા.ત.. એક લેકચરર તરીકે કામ કરતી મહીલા પાસે સમય રહેતો નથી, સવારે ઉઠીને બાળકોને તૈયાર કરીને શાળાએ મોકલે છે પછી પોતે તૈયાર થાય છે તૈયાર થતા જ નોકરાણીને તે આદેશ આપે છે. નાસ્તો કરતા કરતા જ તે પોતાનો લેકચર તૈયાર કરે છે પછી પોતે કામ પર નીકળી જાય છે કામ પર જતી વખતે વાહન–વ્યવહારની તકલીફ ભોગવે છે, સાંજે થાકીને ઘેર આવે પછી બાળકોને ભણાવે છે, ઘરમાં રસોડાના સામાનની ચિંતા કરે છે, સાંજના જમવાની તૈયારી કરે છે, મહેમાનો ને સંભાળે છે અન્ય જરૂરી વ્યવહારો કરે છે. આ રીતે પોતાના માટે સ્ત્રી પાસે સમય બચતો નથી. આ રીતે કામ કરતી મહીલાઓને અત્યંત માનસીક તણાવ ભોગવવો પડે છે. તેને ઘરની સાથો સાથ પોતાના કાર્યાલયના કાર્યો પણ કરવા પડે છે, વર્તમાન મોંઘવારી, મોજશોખ બન્ને વચ્ચે તે તાદાત્મય કેળવે છે અને તેમા પણ જો પતિ દારૂ પીતો હોય તો સ્ત્રીની બધી કમાણી ઘરના બે છેડા ભેગા કરવામાં જ વપરાય જાય છે.

ગરીબી રેખા નીચે જીવન પસાર કરવાવાળા પરીવારોની સ્ત્રીઓ તો શિક્ષણ અંગે વિચાર પણ કરતી નથી ઘણા ક્ષેત્રોમાં બાળ લગ્નથી પીડીત મહિલાઓ અબોધ કાળમાં જ સુહાગન બની જાય છે, અને સાસરે જઈને 'વહુ'ના રૂપમાં દાસી બની જાય છે. સ્ત્રીની ફરજ બાળકો પેદા કરવા, મોટા કરવા અને ઘરની સંભાળ રાખવાની છે. આટલું શિક્ષણતો સ્ત્રીને તેની બહેન અથવા માતા પાસેથી મળી જાય છે માટે સમાજ એવું માનેછે કે સ્ત્રીએ શાળા શિક્ષણ મેળવવાની જરૂર નથી. જયારે સ્ત્રીનો બધો સમય પેટની આગ શાંત પાડવામાં અને પરીવાર ને ગરીબીમાંથી બહાર લાવવામાં જ જતો હોય ત્યાં સાક્ષરતા અને શિક્ષણ વિશે વિચારવાનો સમય કોને હોય છે?

અહીં "મહિલા સશકિતકરણના સંદર્ભમાં શિક્ષિત તથા અશિક્ષિત મહિલાઓનો મુલ્યાંકનાત્મક અભ્યાસ" આ સંદર્ભે ૫૦ મહિલાઓ પર થયેલ થયેલ એક સર્વેમાં સંશોધનકર્તાને નીચે પ્રમાણે વિગતો જાણવા મળેલ છે.

પ્રાપ્ય માહિતી અનુસાર કુલ મહિલાઓ પૈકિ શિક્ષિત કરતા નિરક્ષર મહિલાઓ સંયુકત કુટુંબમાં વધારે પ્રમાણમાં રહે છે. ખોરાકને જમતા પહેલા ગરમ કરીને ઉપયોગમાં લેવાની ટેવ નિરક્ષર મહિલાઓ કરતા શિક્ષિત મહિલાઓમાં વધારે જોવા મળે છે. જમતી વખતે હાથ ધોવાની ટેવ નિરક્ષર મહિલા કરતા શિક્ષિત મહિલાઓમાં વધારે જોવા મળે છે. મહિલાઓના કુટુંબમાં સભ્યોમાં જમતી વખતે હાથ ધાવાની ટેવ નિરક્ષર મહિલાઓના કુટુંબના સભ્યોના પ્રમાણમાં વધુ જોવા મળે છે. ઉંચેથી પાણી પીવાની નિયમીત ટેવ ધરાવતી મહિલાઓમાં સાક્ષર મહિલાઓ આગળનું સ્થાન ધરાવે છે. બધી જ સાક્ષર મહિલાઓ શાકભાજીને પાણી દ્વારા નિયમીત સાફ કરે છે, જયારે તેના કરતા અડધા ભાગની નિરક્ષર મહિલાઓ એવી છે જે શાકભાજી પાણી દ્વારા નિયમીત સાફ કરે છે. નિરક્ષર મહિલાઓ કરતા બમણી સાક્ષર મહિલાઓ ઘરમાં બધા પ્રકારના શાકભાજીનો નિયમીત ઉપયોગ કરે છે. નિરક્ષર મહિલાઓમાંથી કોઈ જમવામાં સલાડનો ઉપયોગ નિયમીત કરતી નથી જયારે મોટા ભાગની સાક્ષર મહિલાઓ જમવામાં સલાડનો ઉપયોગ નિયમીત કરે છે. મોટાભાગની સાક્ષર

મહિલાઓ ટોયલેટ–બાથરૂમની સફાઈ માટે ફિનાઈલનો ઉપયોગ નિયમીત કરે છે જયારે બહુજ ઓછી નિરક્ષર મહિલાઓ એવી છે જે નિયમીત ફિનાઈલનો ઉપયોગ કરતી હોય. સપ્રમાણ મહિલાઓ એવી છે જે ચાલવા જતી નથી અને તેમાં સાક્ષર તથા નિરક્ષર મહિલાઓનું પ્રમાણ સમાન જોવા મળે છે. રસોઈ માટે એલ્યુમિનીયમના વાસણોનો કયારેક ઉપયોગ કરવા વાળી મહિલાઓના પ્રમાણમાં જોઈએ તો નિરક્ષર મહિલાઓ કયારેક એલ્યુમિનીયમના વાસણોનો ઉપયોગ કરતી નથી. નિયમીત ઉપવાસ કરતી મહિલાઓમાં સાક્ષર મહિલાઓ કરતા ત્રણગણું પ્રમાણ નિરક્ષર મહિલાઓમાં જોવા મળે છે. સાક્ષર કે પછી નિરક્ષર કોઈ જ મહિલાઓ નિયમીત ખોરાક સિવાયના ઔષધો શરીરની ક્ષમતા વધારવા માટે ઉપયોગમાં લેતી નથી.

આમ આ સમગ્ર ચર્ચાને અંતે એટલુ કહી શકાય કે આજે સમાજમાં સ્ત્રી શિક્ષણની ઘણી આવશ્યકતા છે. જે સમાજમાં ભણેલ દિકરી, વહુ, માં વગેરે હશે તે સમાજનો વિકાસ ખુબ ઝડપથી થશે. તેથી આજના સમયની આ તાતી જરૂરીયાત છે કે દિકરી ભણે તથા સમાજમાં સારૂ પ્રદાન કરી શકે તે માટે તેને અવકાશ પણ પુરો પાડવામાં આવે. આમ પણ આજના સમાજમાં જોઈએ તો એક દિકરીને નાનપણથી જ એક કરતા વધારે પાત્ર ભજવવાના થાય છે તે પોતે તો ભણે છે સાથે નાના ભાઈ ભાંડુંનું પણ ઘ્યાન રાખે છે,વળી ઘરમાં મમ્મીને મદદ કરવાની જવાબદારી પણ ખરી. તો આવા સમયમાં દિકરીને વધુમાં વધુ તક મળે અને તે સમાજને ઉપયોગી થાય તે માટે તેને પ્રોત્સાહન આપીએ તથા સ્ત્રીનું સન્માન કરીએ તો આપણો સમાજ ઝડપથી વિકાસ પામશે.

સંદર્ભઃ–

૧. સ્વામીનાથન, પદમીની(૨૦૧૩), વુમેન એન્ડ વર્ક, ઓરીએન્ટ બ્લેક સ્વાન પ્રાઈવેટ લીમીટેડ.

૨. સુગંધ લાલ (૨૦૧૧), મહીલા સશકિતકરણ, કૃણાલ બુક પબ્લીકેશન, દિલ્હી.

૩. એમ.એલ. રાજુ (૨૦૦૭), વુમેન એમ્પાવરમેન્ટ – ચેલેન્જીસ એન્ડ સ્ટ્રેટેજીસ, રીગલ પબ્લીકેશન, દિલ્હી.

8

# ‘ફેરો’ : જીંદગીમાં પડેલા ફેરાની વાર્તા

-હાર્દિક પ્રજાપતિ

અનુ-આધુનિક ગુજરાતી સાહિત્યમાં ‘સુરેશ જોશી વાર્તા ફોરમ’માં ઘડાયેલા કેટલાંક વર્તાકારોમાં ડૉ. ભરત સોલંકીનું નામ નોંધપાત્ર છે. તેમણે તેમના પ્રથમ વાર્તાસંગ્રહ ‘રૂપાંતર’(૨૦૧૩)થી જ એક નવીનતમ વાર્તાકાર તરીકે ભાવકો અને વિવેચકોનું ધ્યાન આકર્ષિત કરેલું. ત્યાર પછી તેમની પાસેથી બીજો મળતો વાર્તાસંગ્રહ ‘કાકડો’(૨૦૧૭) છે. તેમાં વિષયવૈવિધ્ય અને અભિવ્યક્તિનું નાવીન્ય સુપેરે અનુભવાય છે. અહિ ‘કાકડો’ વાર્તાસંગ્રહમાં ‘કાકડો’, ‘રૂપાંતર’, ‘સખીરી! મેં તો પ્રેમ દિવાની’, ‘બાધા’, ‘બદલો’ વગેરે એમ કુલ ૧૪ વાર્તાઓ છે. આમાંની એક વાર્તા એટલે ‘ફેરો’. અહીં તેમની ‘ફેરો’ વાર્તાને આસ્વાદવાનો પ્રયત્ન છે.

‘ફેરો’નું મુખ્ય વિષયવસ્તુ જોઈએ તો ભડલી જેવા નાનકડા ગામનાં બ્રાહ્મણ દંપતિ રમણલાલ અને રેવાબેનના ફેરાની વાર્તા છે. અહીં પાંચ પાંચ દિકરીઓ ને છેવટે જન્મેલા પુત્ર કુળદીપકના વિકાસ માટે ભડલી પછાત લાગતાં વિકાસ કરવા આ દંપતિ લીંબડી ને પછી અમદાવાદ જેવા મહાનગરની વાટ પકડે છે. દિકરીઓ એક પછી એક પરણતી જાય, દિકરો ભણતો-ગણતો નોકરીએ ગોઠવાતો જાય, ને મનગમતી પલ્લવી સાથે પરણતો જાય, ને છેવટે એજ અમદાવાદ વિકાસને બદલે કુળદીપકના વિનાશનું કારણ બને, ને દંપતિ વૃદ્ધાવસ્થામાં કુળદેવીનો એજ ફોટો ને જે બાળક તેડીને કે આંગળીએ વળગાડીને ગયા’તા તેને ફોટાની ફ્રેમમાં મઢીને પાછો લાવતા આ દંપતિ ફેરનો અનુભવ કરે તે આ ટૂંકીવાર્તાનું વિષયવસ્તુ છે.

આ વાર્તામાં સચોટ અને આસ્વાદમુલક પાત્રસૃષ્ટી ઉભી કરી છે. આ વાર્તાના મુખ્ય પાત્રો તરીકે સર્જકે રમણલાલ અને રેવાબેનને નિરૂપ્યા છે. વાર્તાના આરંભથી અંત સુધી આ વૃદ્ધ દંપતિની આસપાસ વિષયવસ્તુ રચાયા કરે છે. અહીં આ પાત્રોની કરુણગાથા સતત ઘૂંટાયા કરે છે. તેમની જ વ્યથા, દુઃખ, દર્દ અને સમગ્ર જીવનની નિરર્થકતા, અર્થશૂન્યતા પ્રગટે છે. આ ઉપરાંત સંઘર્ષ અને કંકાશથી કંટાળેલો કુળદીપક, સંવેદન અને દયાહીન કુળદીપકની પત્ની પલ્લવી, પિતાનું સુખ ન પામેલો કુળદીપકનો પુત્ર ભાગ્ય, સતત ગરીબીમાં ઉછરેલી રમણલાલની પાંચ દીકરીઓ, ભડલી ગામના બધાનું હિત વિચારક રેવો પટેલ. રમીલા એ રેવાબેનની જોડકાની બહેન. આ બધા ગૌણપાત્રો આ વાર્તાને આગળ ધપાવે છે. આ દરેક પત્રોને લેખકે યોગ્ય ન્યાય આપ્યો છે.

આ વાર્તાના રસ અને રસનિરૂપણની વિષે વિચાર કરીએ તો આ વાર્તાનો મુખ્ય રસ વાર્તાકારે કરૂણરસને કેન્દ્રમાં રાખ્યો છે. કેટલાક દ્રષ્ટાંતો જોઈતો :

‘રમણલાલે હાથમાં જાળવીને પકડેલું માતાની મુર્તિવાળું નાનકડું મંદિર હળવેથી હેઠે મુક્યું દીવાલના ટેકે ને તેની બાજુમાં જ રેવાબેને પોતાના સાત ખોટના એકના એક દીકરાનો ચાંદલો કરેલો ને સુખડનો હાર પહેરેલો ફોટો જાળવીને મૂક્યો ને પછી બંને ધીમે રહીને નીચે બેઠા’

(કાકડો પૃ.૪૪)

જયારે ફોન પર રમણલાલને કુળદીપકના સમાચાર મળતા ‘કુળદીપક ચિક્કાર દારૂ પીને બાઈક પર ઘરે આવતા ટ્રક સાથે અકસ્માત માં.......’, ‘રેવાબેનની આંખોમાં રડવા આંસુ જ નહોતા. ભડલી થી અમદાવાદ સુધીના યાત્રામાં પડેલા દુઃખોએ એટલું બધું રડેલા કે આંખોના કૂવા ક્યારનાય સૂકાઈ ગયા હતા. એમની ભયભીત સૂની આંખો માત્ર હવે આંસુ વગર રડતી હતી.’

(કાકડો પૃ.૪૭)

ફેરો વાર્તાની ભાષાશૈલી વિષે વિચાર કરીએ તો અહિ કેટલાક ઉત્તમ વર્ણનો વર્તમા બનતા પ્રસંગોને તાદૃશ્ય કરે છે. જેમ કે, વાર્તા ના આરંભમાં ધના પટેલ પોતાનું વર્ષોનું બંધ ઘર ખોલી આપે છે ત્યારનું વર્ણન: ‘ધના પટેલે છેવટે તાળું ન ખૂલતાં હથોડી મારી કે ફટ્ દઈને તાળું તૂટ્યું. આખ્ખું તાળું ને નકૂચો ભરભર ભુક્કો થઈ

જમીન પર વેરાઈ ગયાં. ધના પટેલે બારણાને હળવે હાથે ઉઘાડવાનો પ્રયત્ન કર્યો. વર્ષોથી બંધ બારણાને કારણે મિજાગરાએ કચવાટ કર્યો કડડડ. આગળ ધનો પટેલ ને પાછળ રમણલાલ ને રેવાબેનને પણ પ્રવેશ કર્યો. અંદરનો અંધકાર ને બંધિયારપણાની વાશ અકળાવનારા હતા.'

(કાકડો પૃ.૪૩)

રમણલાલના ગોરપદુ કે કર્મકાંડની આવક નું વર્ણન: 'રોજ રોજ સવારથી કોઈ ને કોઈ ગામ લગન, મરણ, સગપણ, કથા, કર્મકાંડ કરવા ચાલ્યા જાય. આવે ત્યારે થોડું રોકડ ને બીજુ અનાજ પોટકા બાંધી લેતા આવે. ઘરનાં બધાં ભેગાં થઈ કલાકોના કલાકો ગાળે ત્યારે પ્રસાદ, સોપારી, ફળફળાદિ ને અનાજ છૂટું પાડે.'

(કાકડો પૃ.૪૫)

ભાષાકર્મમાં સર્જકની અન્ય વિશેષતા જોઇએતો અલંકારો, કહેવતો, અને રૂઢીપ્રયોગોની છે જેમ કે 'ગમતો માં નો ખોળો'(ઉપમા), 'ઢોર જેવા ગમાર'(ઉપમા), 'બંનેની વચ્ચે ઘંટીના દાણાની જેમ પીસાતો કુળદીપક'(ઉપમા), 'એમની ભયભીત સુની આંખો માત્ર હવે આંસુ વગર રડતી હતી'(અતિશયોક્તિ) કેટલાંક રુઢિપ્રયોગો જોઈએ તો 'દીકરીતો તુલસી ક્યારો'. હવે કેટલીક કહેવતો : 'લેખમાં કોઈ મેખ મારી શકે ખારા?', 'એક માંડવે બે લગ્ન થાય, એકનું સુખ બીજી તાણી જાય'. લેખકે કેટલાંક દેશ્ય શબ્દપ્રયોગો કર્યા છે: 'દહ દહ વરહ', 'ભેંહ', 'ચંત્યા', 'હાળો', 'આયખા', 'ફૂણ'.

આ વાર્તામાં સંઘર્ષનું તત્વ વિશેષ આસ્વાદ્ય છે અહિ આંતર બાહ્ય બંને સંઘર્ષોનું નિરૂપણ વાર્તાકારે કર્યું છે બાહ્ય સંઘર્ષ તરીકે રમણલાલ અને રેવાબેનની આર્થિક સંકળામણ, પુત્રવધુ પલ્લવી સાથેનો સંઘર્ષ તેમજ બંનેના જીવનની નિયતી ગણો કે ભાગ્ય ગણો કે વિધાતાએ આપેલા સુખ દુઃખને સ્વીકાર લેતા મનોમન અનુભવતા આંતરિક સંઘર્ષ અહિ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. આંતરિક સંઘર્ષની પરાકાષ્ઠા કે પ્રતિબિંબ વાર્તાના અંતે બોલતા રમણલાલ અને રેવાબેન ના શબ્દોથી પડઘાય છે જેમ કે રમણલાલ બોલે છે, “મારો હાળો ફેરો પડ્યો” જ્યાં તેમનો કહેવાનો અર્થ અમદવાદનો ફેરો પડ્યો તેમ છે જયારે રેવાબેન બોલે છે, “હા પણ આખા આયખાનો ય” અહિ આંતર સંઘર્ષની પરાકાષ્ઠા જોઈ શકાય છે.

આમ સમગ્ર રીતે જોતાં ડૉ. ભરત સોલંકીની 'ફેરો' ટૂંકીવાર્તા એક નુતન વિષયવસ્તુને પ્રગટાવતી વાર્તા બને છે. 'ફેરો'શીર્ષક જ પ્રતીકાત્મક છે. આ જગતમાં દરેક મનુષ્યને ક્યાંકને ક્યાંક કોઈક ને કોઈક રીતે ફેરો પડવાનો અનુભવ થતો હોય છે. દરેક મનુષ્યને આ જગતમાં કંઇક પ્રસ્થાપિત કરીને યા કંઇક મેળવીને જવાની લાલસા હોય છે પણ જયારે કશું જ પ્રાપ્ત ન થાય, કંઈજ મેળવી ન શકાય ત્યારે લાચાર થયેલો મનુષ્ય આ દુનિયામાં પોતાને ધક્કો પડ્યો અથવા તો ફેરો પડ્યો એવી લાગણી અનુભવે એવો ભાવાર્થ આ શીર્ષકને સિદ્ધ કરે છે. વળી નવલકથાના વિષયવસ્તુ જેવા લગતા એટલે કે રમણલાલ અને રેવાબેનના સમગ્ર જીવનને નિરૂપતા આવાં વિષયવસ્તુને ટુંકીવાર્તાના લાઘવના સ્વરૂપમાં મૂકી આપવું એ પણ વાર્તાકાર તરીકે સર્જકની સિધ્ધી બને છે.

કાકડો (વાર્તાસંગ્રહ) ભરત સોલંકી
પ્રણવ પ્રકાશન
પ્રથમ આવૃત્તિ: ૨૦૧૭
મૂલ્ય: ૧૦૦ રૂપિયા

* * *

# કચ્છ રાજ્યના વનસ્પતિશાસ્ત્રી : જયકૃષ્ણ ઇન્દ્રજી

9

સરોજ પી પોંકીયા
પી.એચ.ડી. સ્ટુડન્ટ
ઇતિહાસ અનુસ્નાતક વિભાગ
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી- રાજકોટ

કચ્છ ભોગોલિક વિવિધતાઓનો આ પ્રદેશસમગ્ર વિશ્વ માં તેના ખડકો,ભૂસ્તરીય ,સફેદ અફાટ મીઠુંનું રણ ,પ્રદેશ.મેદાનો ડુંગરાઓ ,નદી–તળાવો જેવી અનેક વિશિષ્ટ ધરાવે છે. કચ્છ ભારતના પશ્ચિમકઠે આવેલા છે.૨૨ અંશ -૪૪ થી ૨૪ અંશ ૧૪'-૧૫" ઉતર અને ૬૮ અંશ -૯'-૪૬" થી ૭૧ અંશ -૫૪'-૪૭" પૂવ –રેખાશ વચ્ચે આવેલા છે. તેની પૂર્વ –પશ્ચિમ તરફ ની લંબાઈ ૨૦૦ કી.મીની અને ઉતર- દક્ષિણ તરફની પહોળાઈ ૮૦ કી.મી જેટલી છે.રનનો વિસ્તાર ૨૧૨૬૫.૯૨ ચો.કી.મી જેટલો છે. ભોગોલિક સ્થિતિના કારણે ભારતના અન્ય ભાગોથી સાગરપારના વિશ્વના અનેક દેશો સાથેસંકળાયલો રહ્યો હતો.

પ્રાચીન.મધ્ય અને અર્વાચીન એમ ત્રણે કાળના વિવિધ ગ્રંથોમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે.પણીનીની 'અષ્ટાંધ્યાપી' કચ્છનો 'કચ્છ' તરીકે થયેલો ઉલ્લેખ કચ્છ વિષે જૂનામાં જુનો ઉલ્લેખ માનવામાં આવેતો હતો કચ્છ જુદા-જુદા નામે જેમ કે જર્તદેશ,ભોજ્કાર,આભાર ,કુશદ્રીય,ભુજ્દેશ,ઊબ્રાટ,જળ વાળો પ્રદેશ,કચબાં જેવો આકાર ધરવતો પ્રદેશ કચ્છ તરકે ઓળખાવેલ છે.

આવા વિશિષ્ટતાથી ભરેલા કચ્છ રાજ્યમાં અનેક સંતો ,શુરવીરો ,દાનવીરો,સાહસિકો, વિપારીઓ,જીજ્ઞાસુઓને આ કચ્છ ધરતીએ જન્મ આપ્યો છે.એમના એક એવા કચ્છ રાજ્યના વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇન્દ્રજી થઇ ગયા. જયકૃષ્ણ ઇન્દ્રજીનો જન્મ ઈ.સ ૧૮૪૮ (સંવત ૧૯૦૪ માં આસો સુદ દસમ એટલે કે વિજયાદશમીના દિવસે કચ્છ રાજ્યના લખપતમાં થયો હતો.તેના પિતા ધોળકામાં વૈષ્ણવ હવેલીમાં મુખીયાજી હતા. વૈષ્ણવ સંપ્રદાયના ગીર્નાના કુટુંબમાં જન્મેલા બાળકનું નામ જયકૃષ્ણ પાડવામાં આવ્યું.

તેમણે નાનપણમાં ગુજરાતી અભ્યાસ કરેલો અને અગ્રેજી તો ચોથા ધોરણ સુધી જ શીખેલા . જયકૃષ્ણ બીમાર પડ્યા એટલે તેમને મુંબઈ જવાનું થયું. ત્યાં પંડિત ભગવાનલાલ વનસ્પતિના ગુણદોષ જાણવાનો ધનો જ શોખ હતો.તેમની વનસ્પતિ નિષ્ણાત ડૉ.સુખારામ અર્જુન સાથે મુલાકાત કરાવી દીધી.તે દિવસથી જ વનસ્પતિશાસ્ત્રના અભ્યાસમાં ગરકાવથઇ ગયા. જયકૃષ્ણ વનસ્પતિના નમુના એકઠા કરતા.શાસ્ત્રોમાંથી તેમના નામ શોધતા સમાજ ન પડે તો પરખ માટે પુના કે કલકતા મોકલતા. તેની અથાગ મહેનતને કારણે તેમજ વનસ્પતિ પ્રમેને કરને દેશી અને વિદેશી વિદ્વાનોમાં આહાર બન્યા.

રાજકોટની રાજકુમાર કોલેજના પ્રિન્સીપાલ મિ.મકેનોટનની ભલામણથી સંવંત ૧૯૪૨માં જયકૃષ્ણભાઈ ની પોરબંદર માં 'ક્યુરેટર ઓફ ફોરેસ્ટસ્ એન્ડ ગાડર્ન્સ' તરીકે નિમણુંક થઇ. ત્યાં આખો બારડો ડુંગર તેમેણે પોતાના પગતાણે ખુંદી નાખ્યો બરડાના પાણામાં અને તેની ખીણો માં રખડી રખડીને પુષ્કળ અનુભવ પ્રાપ્ત કર્યો.તેના અનુભવના નિચોડ સ્વરૂપે સંવત ૧૯૬૬મ 'બરડાની વનસ્પતિ' નામે અકે દળદાર ગ્રંથ બહાર પડ્યો. તે સમયે ગામડામાં અને શહેરોમાં તેમને 'ધોડાકુન'નામની જડીબુટ્ટી શોધી કાઢી અને અનેક દર્દીઓને રોગમુક્ત કર્યા હતા. તમણે પોરબંદર,રાજકોટ,ભાવનગર,અમદાવાદ,અને મુંબઈ વગેરે સ્થળો ચંદ્રકો અને માનપત્રો મળ્યા હતા. ઈ.સ્ ૧૯૨૧ માં તેઓ નોકરીમાંથી નિવૃત થયા હતા.

કચ્છના મહારાવ ખેંગારજી ત્રીજાના પ્રોત્સાહન થી આખા કચ્છમાં પ્રકૃતિ નિરીક્ષણ કરતા ફરતા રહેતા.તેમણે સાગરકાંઠો,રણના મેદાનો,ડુંગરોની વનસ્પતિઓ એકઠી કરી અને અથાગ પ્રયત્નોથી 'કચ્છની સ્વ

સ્થાન ની વનસ્પતિઓ'નામનો સુંદર ગ્રંથ તેયાર કર્યો . તેમની વિવિધ રચનાઓ "વેદ્ય-કલ્પતરુ" 'આયુર્વેદ વિજ્ઞાન' જેવી

પત્રિકાઓમાં નિયમિતપ્રકાશિત થતી રહેતી.તેમના લેખોમાં .... 'અકે ઝાડ પોતાના મૂળ,મૂળની છાલ થડ .થડની છાલ,પ્રર્ણ,ફૂલ ,બીજ, ગુંદર,સુવાસ અને છાયા આપે છે. એટલુ જ નહિ પણ ધીવાઈ જાતિ પૃથ્વીની રક્ષા કરે છે. ધૂળ ના રજકણો એકત્ર કરી માટી ઉદભવે છે. અને સુકાય પછી પણ પોતાનું નિક્ષેત્રન્ અંગ પરોપકારથ્ અર્પણ કરે છે. જયકૃષ્ણ ઇન્દ્રજીનો વનસ્પતિ પ્રત્યે નો પ્રમે ઉપયુક્ત વચનોથી સમજાય છે.

જયકૃષ્ણ ઇન્દ્રજી પોરબંદર માં હતા ત્યારે ૩૭/૩૮ વર્ષની ઉંમરે મુન્દ્રાના ગીરનારા બ્રામણ જાની મધુભાઈની સુપુત્રી ભભાબાઈ સાથે લગ્ન કર્યા.તેનાથી અકે પુત્રી સુંદરબાઈ જન્મ્યા હતા. જયકૃષ્ણ ઇન્દ્રજી તેમને મળવા આવનારને 'નીગ્રો કોફી' પીવડાવતા. કચ્છમાં સહજ રીતે તેમાં લવિંગ મેળવી કોફી બનાવતા. જયકૃષ્ણએ સુરતમાં પ્રખ્યાત વૈદ્રરત્ન અને વનસ્પતિશાસ્ત્રી શ્રી બાપાલાલભાઇ સહકાર આપવા કચ્છ આવી જતા.અને મંડળને ઉપયોગી માર્ગદર્શન આપતા. જયકૃષ્ણ અધિક માસમાં પંચકેશ રાખી આ મંડળને વધુ માં વધુ વૃક્ષોના રોપા દક્ષિણમાં આપવા એક ટ્રક જમવાનું વ્રત રાખતા હતા.

મહાત્મા ગાંધીજીનું કચ્છમાં આગમન થયું ત્યારે તેમના સ્વહસ્તે વૃક્ષરોપણ કરાવી તેનું નામ 'ગાંધીકુંજ' રાખ્યું હતું. રાજ્યકુટુંબ માં પણ વૃક્ષરોપણના સંસ્કાર રેડવા હતું. મહારાવડી ખેંગારજી ત્રીજાના ,માધુભાઈ સાહેબ ,કુંવર-કુંવારીબાના સ્વહસ્તે વૃક્ષરોપણકરવાતા. કચ્છમાં માંડવિના વિજયવિલાસ પેલેસના'બગીચા આજે પણ તેમની કરામતની સાક્ષી પૂરે છે.

જયકૃષ્ણ ઇન્દ્રજીને ભારતના વાઈસરોય લોંડ ઇવિન કચ્છ આવવાના હતા ત્યારે કચ્છમાં ઊગતિ વનસ્પતિઓનું પ્રદર્શનની વ્યવસ્થાનું કાર્ય સોંપવામાં આવ્યું હતું. તે સમયે વનસ્પતિ ઓના સો તેટલા નમુના ત્યાં એકઠા કર્યા. તે વનસ્પતિના નામ કરવી ત્યાં વ્યવસ્થિત ગોઠવ્યા હતા.

જયકૃષ્ણ ઇન્દ્રજીના શિષ્યમાં ગોકુલદાસ ખીમજી બાંભાડાઈએ માંડવીમાં વનસ્પતિશાસ્ત્ર ના વિષયમાં પોતાના જ્ઞાનને આગળ વધાર્યું હતું. ભાઈલાલભાઈ ભટ્ટ તથા વાઘજીભાઈ સોલંકી જેવા પ્રખ્યાત વૈયાએ નામના પ્રાપ્ત કરી હતી. જયકૃષ્ણ ઇન્દ્રજી ૮૧ વર્ષ ની ઉમરે ઈ.સ્ ૧૯૨૯ (સંવત ૧૯૮૬માં માગશર સુદ-બીજના )દિવસે હાડકું ભાંગવાના કરને ભુજ માં દેહવસાન થયું.તેમની યાદમાં પુનાની એગ્રીકલ્ચર કોલેજ વનસ્પતિ શાસ્ત્ર ના વિભાગમાં તેમનું તેલચિત્ર મુક્યું છે. તેમના અવસાનની નોંધ તા ૨૨-૧૨-૧૯૨૯ના નવજીવનમાં પૂજય ગાંધીજીએ ખાસ ભારપૂર્વક લીધી હતી.

જયકૃષ્ણ ઇન્દ્રજી વનસ્પતિશાસ્ત્રના અગાધ,અનુભવ અને વિશેષ-જ્ઞાનના સ્વામી હતા તેમના વ્યકિતત્વ ની શોભા તેમની વૈજ્ઞાનિક તટસ્થ દષ્ટિ,કળ્યાસ્વાદનો રસાત્મક ભાવબોધ,વિરલ વ્યકિતત્વ તેઓ લોકભાષામાં કાવ્યો રચીને પર્યાવણ રક્ષાનો પ્રચાર કરતા હતા. જેમાં ....

પીપળ પાન ન તોડીએ ,ન ભાંગીયે વનની ડાળ,
વહેતા જળમાં ન થૂંકીએ , ગુરુને લાગે ગાળ.

***સંદર્ભ ગ્રંથ***

(૧) અજાણી ઉમીયાશંકર, 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' ભાગ-૧, અમદાવાદ ,પહેલી આવૃત્તિ , ઓગસ્ટ૨૦૧૨,પ્ર.-33

(૨) જોશી નરેન્દ્ર કુમાર, 'ભાતીગળ' 'ભોમકા કચ્છ' અમદાવાદ ,પહેલી આવૃત્તિ ,૧૯૭૭, પ્ર-૬

(૩)કારણી દુલેરાય , "કચ્છની રસધાર" ભાગ ચોથો ,અમદાવાદ ,પહેલી આવૃત્તિ , ૧૯૭૨,પ્ર.૯૬

(૪) એજન, પ્ર-૯૭

(૫) ડૉ શર્મા ગોવર્ધન અને ડૉ ભાવના મહેતા કચ્છના જ્યોતિધારો. ગાંધીનગર ,૧૯૮૯. પ્ર-૯૨

(૬) ગઢવી શંભુદાન, ઈશ્વરદાન, 'કચ્છ દર્શન' ન્યુ દિલ્લી દ્રીતીય આવૃત્તિ ,૨૦૦૮, પ્ર-૬૫

(૭) ધોળકિયા હરેશ, 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ'ભાગ-૨ અમદાવાદ ,પહેલી આવૃત્તિ , ઓગસ્ટ૨૦૧૨,પ્ર.૨૫૦

(૮) ઠાકર (ડૉ ) નીતા. ઓ. 'કચ્છની ઇતિહાસ',
(ઈ.સ.૧૭૫૨ થી ૧૯૪૭),અમદાવાદ,૨૦૦૮,પ્ર-૧૩૩

# સુરેન્દ્રનગર જિલ્લામાં સરદાર સરોવર નર્મદા યોજનાના સંશોધન અભ્યાસનું મહત્વ

10

**સંશોધક**
**પ્રદિપસિંહ એમ. ઝાલા**
એમ.એ. ફિલ (અર્થશાસ્ત્ર)
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ.

**માર્ગદર્શક**
**ડાૅ.એસ.જે. ઝાલા**
પ્રિન્સીપાલ
શ્રી એમ.બી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,
ગોંડલ જી.રાજકોટ

સરદાર સરોવર નર્મદા યોજનાનો સૌથી વધુ લાભ સુરેન્દ્રનગર જીલ્લાના ખેડૂતોને પ્રાપ્ત થવાનો છે સુરેન્દ્રનગર જીલ્લાના ૭ તાલુકાના ૩૫૨ ગામોની ૨,૭૨,૦૩૪ હેકટર જમીનને પિયત વિસ્તાર નીચે આવરી લેવામાં આવશે જયારે સુરેન્દ્રનગર જીલ્લાને પીવાના પાણીનો લાભ જીલ્લાના ૯ તાલુકાને જીલ્લાના કુલ ૬૫૧ ગામોને અને જીલ્લાના ૧૧ શહેરોને મળવાનો છે. આથી સરદાર સરોવર નર્મદા યોજનાના સંશોધન અભ્યાસનું સુરેન્દ્રનગર જીલ્લામાં ખૂબ જ મહત્વ રહેલ છે.

**⇨ સરદાર સરોવર નર્મદા યોજનાનું મહત્વ :**

આજે ૨૧મી સદીમાં દરેક રાષ્ટ્રો પોતાના રાષ્ટ્રોનો ઝડપથી આર્થિક વિકાસ થાય તેવા પ્રયત્નો કરી રહયા છે. ત્યારે આજે ભારત પણ પોતાનો ઝડપી આર્થિક વિકાસ થાય તેવા પ્રયત્નો કરી રહયો છે હવે જો દેશનો આર્થિક વિકાસ ઝડપી બનાવવો હોય તો અર્થતંત્રના (૩) ત્રણેય ક્ષેત્રો કૃષિક્ષેત્ર, ઉદ્યોગ ક્ષેત્ર અને સેવાક્ષેત્રનો વિકાસ થવો જરૂરી છે છેલ્લા (૨) બે દાયકાના આર્થિક વિકાસના ઈતિહાસને આધારે કહી શકાય કે ભારતમાં કૃષિક્ષેત્રનો આર્થિક વિકાસમાં સાપેક્ષ ફાળો અન્ય ક્ષેત્રની તુલનાએ ઘટતો જાય છે અથવા બીજી રીતે કહીએ તો અન્ય ક્ષેત્રની તુલનાએ કૃષિક્ષેત્રનો વિકાસદર ઘણો નીચો જોવા મળ્યો છે આ સ્થિતિમાં કૃષિક્ષેત્રના ઝડપી વિકાસ માટે કૃષિક્ષેત્ર ક્રાંતિકારી ફેરફારો થવા જોઈએ આ ઉપરાંત વધુનેવધુ વાવેતર વિસ્તાર સિંચાઈ નીચે આવરી લેવો જોઈએ ટુંકમાં કૃષિક્ષેત્રના ઝડપી વિકાસ માટે સિંચાઈ એ મહત્વનું અને પ્રથમ સોપાન યા પગથીયુ છે. જેને અનુલક્ષીને આઝાદી બાદ તરત જ ભારતમાં સિંચાઈની સુવિધા વધારવા માટેના પ્રયાસો થયા છે જેને કારણે ૧૯૫૧–૬૧ માં ભારતના કુલ વાવેતર વિસ્તારમાં ૨૭૪ લાખ હેકટરનો હતો આટલા વિસ્તારને સિંચાઈ નીચે આવરી લેવામાં આવ્યો હતો. જેની સામે ૨૦૧૦ માં કુલ વાવેતરના ૪૨ ટકા વાવેતરને સિંચાઈ નીચે આવરી લેવામાં આવ્યો છે.

ઉપરોકત બાબતને આધારે કહી શકાય કે સિંચાઈની સુવિધા અને કૃષિવિકાસ એક બીજા સાથે જોડાયેલા પરિબળો છે કૃષિવિકાસ એ સિંચાઈની સુવિધાના વિસ્તરણનો વિષય છે તેમ કહી શકાય એટલે કે સિંચાઈની સુવિધા વધતા કૃષિક્ષેત્રનો વિકાસ વધે છે કૃષિક્ષેત્ર અને સિંચાઈ વિતરણ વચ્ચે હંમેશા સીધો સબંધ હોય છે તે વિધાન કેટલીક અન્ય પરિસ્થિતિઓમાં ખેડુતની આર્થિક સ્થિતિ સિંચાઈને કારણે આવકમાં થતો વધારો અને સિંચાઈને કારણે ખર્ચમાં થતો વધારો પાણીનો કાર્યશ્રમ ઉપયોગ વગેરે બાબતોને આધારે પણ સિંચાઈ વિસ્તરણ અને કૃષિક્ષેત્રનો વિકાસ નકકી થતો હોય છે. ટુંકમાં કહીએ તો સિંચાઈ વિસ્તરણ જયારે આર્થિક રીતે લાભદાયક હોય એટલે કે સિંચાઈને કારણે ખર્ચમાં થતા વધારા કરતા આવકમાં થતો

વધારો વધુ હોય ત્યારેજ ખેડૂત સિંચાઈની સ્થિતિમાં એટલે કે સિંચાઈને કારણે આવકમાં થતાં વધારા માટે ભાગીદાર બનવા તત્પરતા દાખવે છે આ સિંચાઈની સ્થિતિમાં એટલે કે સિંચાઈને કારણે આવકમાં થતાં વધારા કરતા ખર્ચમાં થતો વધારો વધુ હોય તો કૃષિ વિસ્તરણ અને કૃષિક્ષેત્રના વિકાસ માટે ખેડુત તત્પર બનતો નથી તેથી સિંચાઈ વિસ્તરણના સાથો સાથ એ જોવુ જરૂરી બને છે કે સિંચાઈને કારણે ખેડુતની આવક અને ખર્ચ ઉપરની અસરો શુ છે અને તેને કારણે (સિંચાઈને કારણે) ખેડુતના વળતરમાં શુ ફેરફાર થાય છે તે જાણવુ જરૂરી બને છે અને આ વળતરને આધારેજ આગામી સમયમાં સિંચાઈ વિસ્તરણથી કૃષિક્ષેત્રનો વિકાસ થશે કે નહી તે નકકી થાય છે.

આગામી સમયમાં "સરદાર સરોવર નર્મદા યોજના" અંતર્ગત સિંચાઈનો લાભ ગુજરાત રાજયમાં સૌથી વધુ સુરેન્દ્રનગર જીલ્લાને મળવાનો છે ત્યારે આ સિંચાઈના લાભને કારણે સુરેન્દ્રનગર જીલ્લાના કૃષિક્ષેત્રનો કેટલો અને કયાં દરે વિકાસ થશે તેમજ આ યોજનાને કારણે સુરેન્દ્રનગર જીલ્લાના ખેડુતોની આર્થિક સ્થિતિમાં કેવા પ્રકારના ફેરફારો થશે તે જાણવુ જરૂરી બને છે. સામાન્ય રીતે એવુ કહી શકાય કે સિંચાઈની સુવિધા વધતા કૃષિક્ષેત્રનો વિકાસ થાય છે તેમજ ખેડુતોની આર્થિક સ્થિતિમાં સુધારો થાય છે. પરંતુ હકીકતમાં કૃષિક્ષેત્રનો વિકાસ તેમજ ખેડુતની આર્થિક સ્થિતિનો આધાર સિંચાઈને કારણે ખેડુતના વળતરમાં કેટલો ફેરફાર (વધારો–ઘટાડો) થાય છે તેના ઉપર રહેલો છે ખેડુતનું વળતર જાણવા માટે ખેડુતનું ખર્ચ અને ખેડુતની આવક જાણવી જરૂરી બને છે તેથી મારા (પી.એચડી) મહાનિબંધ સંશોધન અભ્યાસ માટે "ગુજરાતના સુરેન્દ્રનગર જીલ્લાના ખેડુત પર સરદાર સરોવર સિંચાઈ પ્રોજેકટની થયેલ અસરોનું લાભ–ખર્ચ વિશ્લેષણ" વિષય પસંદ કરેલ છે. તે જાણવાનો પ્રયાસ કરેલ છે આ સંશોધન અભ્યાસને કારણે સુરેન્દ્રનગર જીલ્લામાં હાલનો સિંચાઈ નીચેનો વિસ્તાર આ સિંચાઈની પરિસ્થિતિ જાણી "સરદાર સરોવર નર્મદા યોજના" સંપૂર્ણપણે કાર્યરત થયા પછી જિલ્લામાં સિંચાઈની સુવિધા અને પરિસ્થિતિ શુ હશે એ જાણવામાં મારો આ સંશોધન અભ્યાસ ઉપયોગી બનશે આ ઉપરાંત સુરેન્દ્રનગર જીલ્લાના ખેડુતોની વર્તમાન આર્થિક સ્થિતિ જાણી "સરદાર સરોવર નર્મદા યોજના" ના અમલીકરણ બાદ તેમાં શુ ફેરફાર થશે તે મારા આ સંશોધન અભ્યાસને આધારે જાણી શકાશે આ ઉપરાંત સિંચાઈની સુવિધાનું વિસ્તરણ થતાં સુરેન્દ્રનગર જિલ્લાના ખેડુતોની પ્રતિ એકર તેમજ કુલ આવકમાં શુ ફેરફાર થશે તે જાણી શકાશે આ ઉપરાંત આ યોજનાને કારણે ખેડુતોના પ્રતિ એકર તેમજ કુલ ખર્ચમાં શુ ફેરફાર થશે તે પણ જાણી શકાશે આ ઉપરાંત આ યોજનાને કારણે ખેડુતોની આર્થિક સ્થિતિમાં શુ ફેરફાર થશે તે પણ જાણી શકાશે સમગ્ર રીતે જોઈએ તો આ મારા સંશોધન અભ્યાસને કારણે સુરેન્દ્રનગર જીલ્લાની સિંચાઈની સુવિધાની સ્થિતિ ખેડુતોની આર્થિક સ્થિતિ તેમજ જિલ્લાના કૃષિ વિકાસની સ્થિતિ તેમજ ભાવિ કૃષિ વિકાસ માટેની સંભાવનાનો ખ્યાલ મારા આ સંશોધન અભ્યાસને કારણે મળી શકશે.

આ ઉપરાંત મારો આ સંશોધન મહા નિબંધનો અભ્યાસ સરકારશ્રીના વિવિધ વિભાગો જેવા કે સિંચાઈ અને પાણી પુરવઠા વિભાગ ગ્રામ વિકાસ એજન્સી, કૃષિ અને બાગાયતિ ખાતુ, નર્મદા અને કલ્પસર વિભાગ, નર્મદા નિગમ તેમજ કૃષિક્ષેત્ર સાથે જોડાયેલ વિવિધ સંસ્થાઓ, એન.જી.ઓ., સિંચાઈ મંડળીઓ, ખેડુતો તેમજ સંશોધન કરતાં જીજ્ઞાસુ વિદ્યાર્થીઓને આ સંશોધન અભ્યાસ ચોકકસ ઉપયોગી બની રહેશે તેની મને ખાત્રી છે.

⇨ **સંદર્ભ સૂચિ :**

૧. **બુક :**

**૧. ભાસ્કર જોષી (૧૯૯૯)**

ભારતનું કૃષિ ક્ષેત્ર વિકાસ પડકારો ગુજરાત ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

**૨. રમેશ બી. શાહ (૧૯૯૯)**

વિકાસશીલ દેશોના આર્થિક પ્રશ્નો યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

૨. **અભ્યાસો :**

**૧. ડી.એસ. રાર્ણીગા (૨૦૦૭)**

૧૯૯૧ બાદ સૌરાષ્ટ્રમાં પાકની તરાહમાં આવેલ પરિવર્તનનો વિશ્લેષણાત્મક અભ્યાસ.

**૨. સી.એસ.ઝાલા (૨૦૧૦)**

હરીયાળી ક્રાંતિની ખેડૂતોની આર્થિક સ્થિતિ ઉપરની અસરો અને પરીણામો સુરેન્દ્રનગર જિલલાના સંદર્ભમાં :

૩. **વર્તમાન પત્રો :**

૧. વિધુત જોષી તા.૧૪/૦૭/૨૦૧૩

નર્મદા બંધ પૂર્ણ થશેસંચાઈની સિંચા કરીએ : દિવ્ય ભાસ્કર

૪. **સામાયિકો :**

૧. ડાૅ. જયોતિ વિશ્વકર્મા :

(અંક ૫ વર્ષ ૨૦૧૧–૧૨) અર્થસંકલન પેજનં.૨

૨. ડાૅ. અર્ચના પરમાર :

(અંક ૭ વર્ષ ૨૦૧૧–૧૨) યોજના પેજનં.૨૩

૫. **WEBSITE :**

1. www.Sardarsarovardm.org.

2. www.gujaratindia.com

...Published by...
http://www.shantiejournal.com/

SHANTI PRAKASHAN

HQ. : 1780, Sector-1, Delhi By pass,
ROHTAK-124001 (HARYANA)

OTHER CONTACT

D-19/220, Nandanvan Apartment, Nr. Bhavsar Hostel,
New Vadaj, AHMEDABAD-380013.